

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*શિસ્તબદ્ધ સૈનિકોનું સૈન્ય સંકર થઈ ગયું!*
*સેવાની હતી આબરૂ સાવ કંકર થઈ ગયું!*
*થઈ ગયું પંકચર શુદ્ધ ભાજપાની કીર્તિમાં -*
*ભાંગફોડ - ભેળસેળે કાર્ય દુષ્કર થઈ ગયું...*
*(વર્ણસંકર પક્ષ)*

હાઈકુ

*કંસાર નહીં,*
*ખીચડો થઈ ગયો -*
*'ભાજગ્રેસ'નો...*
*(કોંગ્રેસ યુક્ત પક્ષ)*

*બતાવી દીધું*
*સત્તા શ્યોર કરવા -*
*મત-પત્રક*
*(..ને પૂરાયા કાયદા રિસોર્ટે)*

### ચિંતન

*અવમાનેના ગતમૈશ્વર્ય મવમન્યતે સાધુઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**અવૈધ ધનની અવમાનના કરનાર જ સાધુ છે.**

**સાધુ એટલે સજ્જન. સાચો સજ્જન એ છે કે જે અવૈધ માર્ગે (લાંચ, જુગાર, ચોરી, લૂંટ) આવતા ધનને લાત મારી ફંગોળી દે છે. અવમાનથી (ખોટે માર્ગે) આવેલા ધનની અવમાનના (અપમાન) કરનાર માનવી જ સાચા સજ્જન, સાચો સાધુ છો.**

**કર્મનિષ્ઠ - કર્મયોગી નિષ્ઠાવાન અને પ્રામાણિક સત્યના માર્ગે જ ચાલનાર વ્યક્તિ સજ્જન-સંત-સાધુ કહેવાય. તોલી બોલી દંભ કરનાર વ્યક્તિ લબાડ - જુઠ્ઠો છે.**

### સુવિચાર

- રાહેં મૌજુદ મગર રાહી હી નહ તો મંઝીલે કયા કહે ?
  ભરોસા હી નહીં નમાઝી મેં તો ફિર મસ્જિદે કયાં કરે? - **નૂર અકબરી**
- સંભવની સીમા જાણવા માટે એક જ માર્ગ છે, અસંભવથી આગળ નીકળી જાવ - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધો સાચવવા એટલે ભીંડાના શાકમાં પાણી નાખવું અને છતાં ચીકણું ના થવા દેવું - **કાંતિ ભટ્ટ**
- સ્નેહના સરવાળાને અહમ્‌ની બાદબાકી, તે જ સંબંધ બાકીની બધી સમજૂતિ - **ભીખુદાન ગઢવી**
- સ્ત્રી પુરુષને જેવો છે તેવો સ્વીકારે છે પછી એને બદલવા માટે પ્રયત્ન કરે છે,
  અંતે ફરિયાદ કરે છે કે તું એ નથી મેં જેને ચાહ્યો હતો - **હંસલ ભચેચ**
- અસ્તિત્વ પણ ઘણા ઉઝરડા થાય છે ત્યારે માણસ સમજદાર થાય છે - **ઓશો**
- આજનું ઔષધ : વરીયાળી અને ગોખરું નો ઉકાળો બનાવી પીવાથી પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

નવમા ધોરણમાં ભણતો એક કિશોર. દરેક ધર્મના પુસ્તકો વાંચી જ્ઞાન લીધું હતું. શાળાના પ્રિન્સિપાલ ખ્રિસ્તી હતા શાળા પણ મિશનરી થકી ચાલતી હતી. એક વાર શાળાના પ્રિન્સિપાલે હિન્દુઓ તથા હિન્દુ ધર્મ વિશે ખૂબ ગંભીર તથા હલકા આક્ષેપો કર્યા. બીજા વિદ્યાર્થીઓ ચૂપચાપ બેસી રહ્યા પણ કિશોર ઊભો થયો. તેણે ખ્રિસ્તી ધર્મની પણ કેટલીક ખામી બતાવી, દલીલો કરી પ્રિન્સિપાલના આક્ષેપોનો સણસણતો જવાબ આપી દીધો. પોતાને હારતા જોઈ પ્રિન્સિપાલે કિશોરનો માર્યો અને શાળામાંથી કાઢી મૂક્યો.

પેલો કિશોર તો શાળા જવાને બદલે આખો દિવસ પુસ્તકાલયમાં ગાળવા લાગ્યો. અંતે પેલા પ્રિન્સિપાલને પોતાના વર્તાવનો પસ્તાવો થયો અને કિશોરને માનસહિત પાછો બોલાવી લીધો. આ કિશોર એટલે મહાત્મા હંસરાજ. જેમણે પંજાબમાં દયાનંદ આર્ય મહાવિદ્યાલયની સ્થાપના કરી હતી. યુવકોની તંદુરસ્તી અને શિક્ષણ માટે આખુ જીવન સમર્પીત કર્યું હતું.


# ભાજપ મુક્ત કોંગ્રેસ અને કોંગ્રેસયુક્ત ભાજપ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દેશને કોંગ્રેસ મુક્ત કરવાનો સંકલ્પ ભાજપને બદલે કોંગ્રેસને ફળી રહ્યો હોય એવી સંભાવના સરજાઈ છે. ધીરે ધીરે કોંગ્રેસમાંથી એવાં અસંતુષ્ટ તત્ત્વો એક યા બીજા બહાના હેઠળ બહાર નીકળી રહ્યાં છે અને કોંગ્રેસના સંસ્કારો અને વિચારો જેણે ગળથૂથીમાં જ મેળવેલા છે તથા પચાવેલા છે એટલા જ લોકો વફાદારીપૂર્વક પાર્ટીને વળગી રહ્યા છે. જો કે જે રીતે રાજયસભાની ચૂંટણી વખતે ધારાસભ્યોને રાજય બહાર લઈ જઈ રિસોર્ટમાં પૂરી રાખવામાં આવ્યા અને લલચાવનારા શાસક પક્ષના સકંજામાં ફસાતા બચાવવામાં આવ્યા તે જોતાં કોંગ્રેસી કહેવાતા એ આગેવાનો પણ શંકાના દાયરામાં તો હતા જ. એમને છૂટા મૂકી દેવાયા હોત તો વધુ નહીં તો બે-ચાર વિકેટો તો સહેલાઈથી પડી ગઈ હોત. ખુદ અહમદ પટેલ પણ માણસની નબળી નસના જાણતલ છે. બીમાર બાપને મળવાના બહાને દેશમાંથી દોડી આવેલા દીકરાનો રિસોર્ટમાં રહી કોંગ્રેસ અને અહમદ પટેલની વફાદારીના નિવેદનો કરનારા ધારાસભ્યનો ફોડી નાખ્યો, તે શું સૂચવે છે? પરંતુ એકંદરે અહમદ પટેલ સહિત મૂળ કોંગ્રેસી આગેવાનોના એ તારણ સાથે સહમત થઈ શકાય એમ છે કે 'બહારનાં' તત્ત્વોના પ્રવેશને કારણે દોદળી બની ગયેલી પાર્ટી એના મૂળ સ્વરુપને પામી ધીરે ધીરે સશક્ત બની શકે એમ છે.

**તંત્રીસ્થાનેથી...**

જો કે કોંગ્રેસ તો દરિયાવ દિલ પાર્ટી તરીકે હરહંમેશ વિવિધ પ્રકારના લોકોને પોતાનામાં સમાવતી રહી છે, એટલે સાચી કોંગ્રેસ કઈ, તે નક્કી કરવું અઘરું છે. છેક ૧૮૮૫ થી ૨૮મી ડિસેમ્બરે સ્થપાયેલી આ પાર્ટીએ સમયાંતરે એનાં રૂપરંગમાં ફેરફારોનો ઉદારતાપૂર્વક સ્વીકાર કરી એને રાષ્ટ્રીય ચળવળનું સ્વરુપ આપેલું છે. વળી આવા મતભેદો સપાટી પર આવતાં એમાં વારંવાર વિભાજન પણ થતાં રહ્યાં છે. ગાંધી પૂર્વની કોંગ્રેસમાં પણ બે જૂથો હતા : 'મવાળ' અને 'જહાલ' જેવાં નામે ઓળખાતાં આ જૂથોના નેતાઓ ગોપાલકૃષ્ણ ગોખલે અને લોકમાન્ય ટિળક વચ્ચે પાયાના મતભેદ હોવા છતાં દેશની આઝાદી માટે બેઉ ખભે ખભો મિલાવીને લડતા હતા. પંડિત નહેરુ અને સરદાર પટેલ વચ્ચે હતા એથી મોટા મતભેદ ગાંધી અને સુભાષબાબુ વચ્ચે હતા. ઈંદિરાજી અને મોરાસજી વચ્ચેના મતભેદો વિભાજનમાં પરિણમ્યા હતા. આમ છતાં 'કોંગ્રેસ' નામની અમર વેલ આજ લગી જીવતી રહી છે. તે કોઈ નાનો સૂનો ચમત્કાર નથી. ગુજરાતમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ વચ્ચે હરહંમેશ મતભેદો રહેતા આવ્યા છે. ચીમનભાઈ અને શંકરસિંહ વાઘેલા બેઉને આ સિનિયર નેતાઓ બહારનાં તત્ત્વો ગણતા રહ્યા છે. જો કે ચીમનભાઈનું મૂળ ગોત્ર કોંગ્રેસનું એટલે એ નભી ગયા પણ શંકરસિંહ વાઘેલા તો શુદ્ધ સંઘી વિચારધારાવાળા. મન મારીને કોંગ્રેસ સાથે ભળ્યા ખરા પણ ન એમને કોંગ્રેસે પૂરા સ્વીકાર્યા કે ન એમણે કોંગ્રેસે દિલથી સ્વીકારી. મોટા ગજાના શંકરસિંહ વાઘેલા જેવા નેતાને કોંગ્રેસના 'હાઈ કમાન્ડ'ની જી હજૂરી ન જ ગમે એ સમજી શકાય એમ છે. આથી કંટાળીને એમણે કહેવાતું આત્મઘાતી પગલું ભરીને કોંગ્રેસને રામ રામ કરવામાં જ શ્રેય જોયું. જો કે 'વટલાયેલા' વાઘેલા વીરો ભાજપમાં આવીને એની કેવી દશા કરશે એ તો ભવિષ્ય જ કહી શકે. કોંગ્રેસની સ્થિતિ સોજા ચડી ગયેલા મેદસ્વી દરદીના સોજા ઊતરતાં તે જે રાહત અનુભવે એવી છે - અલબત્ત, દરદી અશક્ય છે, એને રંગમાં આવતા વખત તો લાગશે, છતાં જો અગાઉ કરેલી ભૂલોમાંથી બોધપાઠ લઈ પ્રજાકીય તાકાત મેળવવા પ્રયાસ કરશે તો ભવિષ્યમાં ભાજપને ટક્કર આપવામાં એમને સફળતા મળે એવી સંભાવના નકારી શકાય એમ નથી. એ દષ્ટિએ જોતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનો કોંગ્રેસમાં ભાંગફોડ કરવાનો અભિગમ કોંગ્રેસને વધુ તાકાત અને મેદાનમાં ઊતરવાનું જોમ પ્રેરશે, તે નક્કી.

# યંત્રવિદ્યાના પ્રથમ પ્રણેતા



મહર્ષિ ભરદ્વાજ (ઈ.પૂ. ૪૦૦) આયુર્વેદમાં નિષ્ણાત હતા; પરંતુ તેમનું ખરેખરું પ્રદાન ખગોળવિદ્યા અને યંત્ર વિદ્યાનાં ક્ષેત્રમાં છે.

(ક) ખગોળવિદ્યા :

આ ક્ષેત્રમાં એમનો ગ્રંથ 'અંશુબોધિની' છે. આમાં એમણે મુખ્યત્વે સૂર્યનાં કિરણોની માહિતી આપી છે. જેમ કે - સૂર્યનું કિરણ ત્રિપાર્શ્વ કાચમાંથી પસાર થાય તો સાત રંગોમાં વિભાજીત થાય. આ રંગોની લંબાઈ માપવા માટે વર્ણમાપક યંત્ર છે.

(ખ) યંત્રવિદ્યા :

આ ક્ષેત્રમાં એમનો ગ્રંથ 'યંત્ર સર્વસ્વ' છે. તેમાં બધાં યંત્રોની પૂરેપૂરી માહિતી આપી છે. જેમ કે, ૧૦૯માં ક્રમે તમો માપકયંત્રની માહિતી છે, એ અંધકારની ઘનતા માપી આપે છે. આ ગ્રંથમાં સો અધિકરણોમાં ૫૦૦ સૂત્રો આપેલાં છે.

આમાં એક સ્વતંત્ર અધિકરણ 'વૈમાનિક અધિકરણ' છે. આમાં સમાવિષ્ઠ વિષયો આ પ્રમાણે છે :

(૧) પાઈલોટ માટે જરૂરી તાલીમ (૨) પાઈલોટનો ગણવેશ (૩) ઉડાન દરમિયાન પાઈલોટનો ખોરાક (૪) વિમાનમાં વપરાતી ધાતુઓ (૫) કોકપીટનો દેખાવ (૬) વિમાનમાં ચઢાણ, ઉડાણ અને ઉતરાણ સમયે લેવાની કાળજી (૭) વિમાનનું બળતણ અને તેનો ઉપયોગ (૮) વિમાનની યાત્રા લાંબા સમયની હોય, તો લેવાની કાળજી (૯) વાવાઝોડું અને વરસાદનાં સંજોગોમાં ઉડાન સમયે જાળવવાની સ્થિરતા (૧૦) વિમાનોના જુદા જુદા પ્રકારો.

મહર્ષિ ભારદ્વાજ અને મહર્ષિ વાલ્મિકી સમકાલીન હતા. વાલ્મિકીના 'રામાયણ' માં છઠ્ઠો કાંડ 'યુદ્ધકાંડ' છે. તેમાં અંતભાગનો આ પ્રસંગ છે -

શ્રીરામને વિજય મળી ગયો. હવે એમને નંદિગ્રામ પહોંચીને ભરતને મળવાની ઉતાવળ હતી. આથી વિભીષણે વિનંતી કરી. 'આ આકાશી ગતિવાળા દિવ્યરથ જેવું પુષ્ક વિમાન છે. રાવણે કુબેર પાસેથી પડાવી લીધેલું. એ મેં સાચવ્યું છે. તમે એના દ્વારા ઝડપથી જઈ શકશો.'



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

રામે આ વિનંતી સ્વીકારી લીધી. વિમાનમાં ઉચ્ચ આસને રામ-સીતા-લક્ષ્મણ બેઠાં. રામનાં પગ પાસે વિભીષણ, એનાં મંત્રીઓ, અને રામસેનાના સેનાપતિઓ - હનુમાન, સુગ્રીમવ, જાંબવાન વગેરે - બેઠાં. વિમાને ઊડાણ શરુ કર્યું. રામ સીતાને પસાર થતા નીચેના સ્થળો બતાવતા જતાં હતા. આમાં કિષ્કિંધાનગરી આવી ત્યારે સીતાને રામ પાસે પ્રસ્તાવ મૂક્યો. 'કિષ્કિંધાના રાજકુળની આ સેનાપતિની પત્નીઓને, મારે, મારી સાથે અયોધઅયા લઈ જવી છે.' રામે પુષ્પકને નીચે ઉતાર્યું. તારા અને બીજી સ્ત્રીઓ વિમાનમાં ચડી. સીતાની આજુબાજુમાં ગોઠવાઈ ગઈ. વિમાને ઊંડાણ શરુ કર્યું. ફરીથી રામ સીતાને નીચેનાં સ્થળો દેખાડવા લાગ્યા. અયોધ્યાથી થોડે દૂર મહર્ષિ ભરદ્વાજનો આશ્રમ હતો. વિમાન નીચે ઉતર્યો. ભરદ્વાજે રામને અયોધઅયાનાં સમાચારો આપ્યા, ત્યાંથી રામે ફરીથી ઊંડાણ ભરી, અને નંદિગ્રામમાં ભરતને આવી મળ્યા. અહીંથી રામે પુષ્પક વિમાનને કુબેર પાસે મોકલી આપ્યું.

# સોમનાથના યાત્રાળુઓ પાસેથી યાત્રાવેરો કયો શાસક ઉઘરાવતો હતો ?

## ગુજરાતનો ઈતિહાસ

(૧) ગુજરાતના કયા ક્રાંતિવીરે લંડનમાં રહીને ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ ચલાવી હતી ?
(અ) મહાત્મા ગાંધી (બ) મોહનલાલ પંડ્યા
(ક) હરિપ્રસાદ દેસાઈ (ડ) શ્યામજી કૃષ્ણવર્મા

(૨) સ્ત્રી ઉત્કર્ષ માટેની સંસ્થા 'જયોતિ સંઘની' સ્થાપના કોના દ્વારા કરવામાં આવી ?
(અ) શ્રીમતી મૃદુલા સારાભાઈ (બ) પુષ્પાબેન મહેતા
(ક) મૃણાલિની સારાભાઈ (ડ) કસ્તુરબા ગાંધી

(૩) ભીલોના ઉત્કર્ષ માટે ૧૯૨૨માં 'ભીલ સેવા મંડલ' ની સ્થાપના કોણે કરી હતી?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) ઠક્કર બાપા
(ક) રવિશંકર મહારાજ (ડ) જુગતરામ દવે

(૪) સુદર્શન તળાવ કયા મહારાજા એ બંધાવ્યું હતું ?
(અ) સમ્રાટ અશોકે (બ) રુદ્રદામાએ
(ક) સિદ્ધરાજે (ડ) પુષ્પગુપ્તે



## ખજાનો

અનિલ પટેલ

(૫) 'હિન્દ સ્વરાજ' ના લેખક કોણ છે ?
(અ) દાદાભાઈ નવરોજી (બ) ગોપાલકૃષ્ણ ગોખલે
(ક) કાકાસાહેબ કાલેલકર (ડ) મહાત્મા ગાંધીજી

(૬) ગુજરાતના ઈતિહાસમાં સંત સુતલાન તરીકે કોણ જાણીતું છે ?
(અ) અહેમદ શાહ પહેલો (બ) મુઝફર શાહ બીજો
(ક) કુતુબુદ્દીન શાહ (ડ) મહેમુદ બેગડો

(૭) સોમનાથના યાત્રાળુઓ પાસેથી યાત્રાવેરો કયો શાસક ઉઘરાવતો હતો ?
(અ) કુમારપાળ (બ) ભીમદેવ
(ક) સિદ્ધરાજ જયસિંહ (ડ) વનરાજ ચાવડા

(૮) ગુજરાતની પ્રથમ સ્ત્રી શાસક કોને ગણઆવી શકાય ?
(અ) ઉદયમતી (બ) ચૌલાદેવી
(ક) દેવલ દેવી (ડ) મીનળદેવી

(૯) ગુજરાતના કયા રાજયપાલ ગાંધીવાદી હતા?
(અ) મહેદી નવાજ જંગ (બ) ડૉ. સ્વરુપ સિંહ
(ક) શ્રીમન્ન નારાયણ (ડ) બી.કે. નહેરુ

(૧૦) મીનળદેવી એ બનાવેલ કયા તળાવને ખાંચાવાળું તળાવ કહે છે ?
(અ) નળ સરોવર (બ) મલાવ
(ક) મુનસર (ડ) હમીસર

(૧૧) ગુજરાત રાજયનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં ચલાવવાનો નિયમ કયા રાજાએ કર્યો હતો ?
(અ) સિદ્ધરાજ જયસિંહે (બ) મહંમદ બેગડાએ
(ક) સયાજીરાવ ગાયકવાડે (ડ) ફતેહસિંહ ગાયકવાડે

(૧૨) ગુજરાતની 'વલભી વિદ્યાપીઠ'ના વિકાસમાં કયા રાજવંશનો ફાળો સૌથી વધુ છે?
(અ) વર્ધન વંશ (બ) ગુપ્તવંશ
(ક) સોલંકી વંશ (ડ) મૈત્રક વંશ

(૧૩) મહંમદ ગઝનીએ સોમનાથ પર આક્રમણ કર્યું ત્યારે પાટણનો રાજા કોણ હતો?
(અ) વનરાજ ચાવડા (બ) ભીમદેવ પ્રથમ
(ક) કુમારપાળ (ડ) સિદ્ધરાજ જયસિંહ

(૧૪) સોમનાથ-પાટણ પાસે ત્રિવેદી સંગમની નદીઓમાં કોનો સમાવેશ થતો નથી ?
(અ) સરસ્વતી (બ) કપિલા
(ક) હિરણ્ય (ડ) માનસી

(૧૫) ૧૯૫૭ના વિપ્લવ દરમિયાન મહત્ત્વનો ભાગ ભજવનાર કયો નેતા ગુજરાત આવ્યો હતો ?
(અ) તાત્યા ટોપે (બ) અમરસિંહ
(ક) નાના સાહેબ (ડ) કુંવરસિંહ

## વિવિધા

**વિષય : વિશ્વ વિભૂતિઓના જન્મ દિવસ**

- **૧૧ ઓગસ્ટ ૧૯૫૪ : યશપાલ શર્મા :** ૧૯૮૩માં વર્લ્ડ ચેમ્પિયન ક્રિકેટ ટીમના સભ્ય, ફોર્મર એમ્પાયર તથા સિલેકટર, લુધીયાણામાં જન્મ. તેમના ભત્રીજા ચેતન શર્મા પણ ક્રિકેટર હતા.
- **૧૨ ઓગસ્ટ ૧૯૧૯ : ડો. વિક્રમ સારાભાઈ :** અમદાવાદ મીલ માલિક અંબાલાલ સારાભાઈના પુત્ર. ગુજરાતના પ્રથમ અણુ વૈજ્ઞાનિક, પી.આર. એલ, ઈશરો જેવી સંસ્થાના સ્થાપક.
- **૧૪ ઓગસ્ટ ૧૯૦૯ : યશોધર મહેતા :** અમદાવાદમાં જન્મ. બી.એ. પાસ કરી વકીલાત શરુ કરી. સાહિત્યકાર ભારત સરકારના ઓફિશિયલ લેંગ્વેજ લેજિસ્લેટિવ કમિશનના સભ્ય રહ્યા હતા. તેમનું 'રણછોડલાલ' નાટકે અનોખી ભાત પાડી.
- **૧૫ ઓગસ્ટ ૧૮૯૮ : મોહનસિંહ ઓબરોય :** તેઓ છ માસના હતા ત્યારે પિતાનું અવસાન થયું. મા ભાગવંતીએ ઉછેર્યા. મોટા થઈ હોટલના વ્યવસાયમાં જોડાયા. દેશ-પરદેશમાં ત્રીસથી વધુ હોટેલ ઊભી કરી. અંગ્રેજ સરકારે 'રાય બહાદુર' નો ખિતાલબ આપેલ.
- **૧૬ ઓગસ્ટ ૧૯૬૮ : અરવિંદ કેજરીવાલ :** હરિયાણાના હિસાર ગામે જન્મ. રેવન્યુ સરકારી અધિકારી બન્યા. ભ્રષ્ટાચાર સામેની લડાઈ શરુ કરી. સામાજિક પ્રવૃત્તિઓની ચળવળ શરુ કરી. મેગ્સેસે એવોર્ડ વિજેતા કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા.
- **૧૭ ઓગસ્ટ ૧૮૯૬ : ઝવેરચંદ મેઘાણી :** ચોટીલા ગામે જન્મ. બી.એ. સુધી અભ્યાસ કર્યો. લોક સાહિત્યની સેવા કરવા સૌરાષ્ટ્ર આવ્યા. 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ મળ્યું. સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી, બારવદીયા, યુગ વંદના જેવું ઉત્તમ સાહિત્ય આવ્યું. પ્રથમ 'રણજીતરામ સુવર્ણ ચંદ્રક' મેળવનાર. ૧૯૪૭માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કર્ણાટકના કયા મંત્રીના ત્યાં તાજેતરમાં આવક વિભાગના દરોડા પાડવામાં આવ્યા?**

**જવાબ : ડી. કે. શિવકુમાર**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) દિલીપ કે. વાઘેલા : ઉદણ, તા. દહેગામ
(૬) ચૌધરી દિવ્યકુમાર સંદીપભાઈ : સાયરા, તા. મોડાસા
(૭) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં ઈસરોના પૂર્વ નિયામક અને વૈજ્ઞાનિક એવા કયા મહાનુભાવનું અવસાન થયું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ડ (૨) અ (૩) બ (૪) ડ (૫) ડ (૬) બ (૭) ક (૮) ડ (૯) ડ
(૧૦) બ (૧૧) ક (૧૨) અ (૧૩) બ (૧૪) ડ (૧૫) અ

# સ્વાઈન ફલુના ભણકારા...

(ગયા અંકનું ચાલુ)

એ સિવાય બાકીના બધા પેરામીટર લોહી અને પેશાબના અને ગળફાના નોર્મલ આવે તો સ્વાઈન ફલુ ખબર કેવી રીતે પડે ? તો લોહી ટેસ્ટ કરાવવાનો મતલબ શું ? લોહી ટેસ્ટ એટલા માટે કરાવવાનો કે શરદીનું કારણ બેક્ટેરીયાથી છે કે વાઈરલ ઈન્ફેકશનથી છે એ ખબર પડે. માટે લોહી ટેસ્ટ કરવો જરૂરી છે. હવે, વાત રહી એક્સ-રેની સામાન્ય રીતે છાતીનાં ફોટામાં સ્વાઈન ફલુ વાઈરલનું ઈન્ફેકશન હોય તો છાતીના ફોટામાં નિમોનીક પેચ આવે. નિમોનીક પેચ એટલે શું? નિમોનીક પેચ એટલે કે છાતીમાં ફેફસાંના ભાગમાં આખું ફેફસું કફથી ભરાઈ જાય. દર્દીને શ્વાસ લેવામાં રૂંધામણ થાય. માટે લોહીનો રીપોર્ટ નોર્મલ હોય પણ એક્સ-રેના રીપોર્ટમાં નિમોનીયા આવે તો સ્વાઈન ફલુની શક્યતાઓ ૯૯ ટકા થઈ જાય છે. નિમોનીયા બે પ્રકારના હોય. (૧) વાઈરલ અને (૨) બેક્ટેરીયા. વાઈરલમાં લોહીનો WBCનો કાઉન્ટ નોર્મલ હોય. જ્યારે બેક્ટેરીયામાં ૧૫,૦૦૦ કરતાં વધારે હોય. આ તો સ્ક્રીનીંગ ટેસ્ટ છે. બાકી તો સ્વાઈન ફલુ એટલે H1N1 વાઈરસ જાણવા માટે ગળામાંથી ખાસ જગ્યાએથી સ્વાબ લેવામાં આવે અને એ સ્વાબની તપાસ પછી એમાં H1N1 એની ખબર પડે. જો સામાન્ય રીતે H1N1 હોય એટલે કે સ્વાઈન ફલુ હોય તો કોઈપણ પ્રાઈવેટ લેબોરેટરી અથવા તો ગવર્નમેન્ટનું મોટા સેન્ટર સિવાય આ ટેસ્ટ કરી શકાતા નથી. એટલે ગવર્નમેન્ટે આ ટેસ્ટ કરવા માટે અમુક જ જગ્યાએ મંજુરી આપી છે. માટે ડૉક્ટરે લોહીના અને એક્સ-રેના રીપોર્ટ ઉપર જ આધારીત રહીને મોટા ભાગના દર્દીઓમાં પોતાનું નિદાન નક્કી કરવું પડે છે. સ્વાઈન ફલુથી ગભરાવાની જરૂર નથી. એ સાદો વાઈરલ ઈન્ફેકશન જ છે. પણ દરેક સ્વાઈન ફલુ જીવલેણ નથી હોતો. તમારી રોગપ્રતિકારક શક્તિ જો સારી હોય તો તમને H1N1 ના વાયરસ કશું કરી નહીં શકે. આપણા માન. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પણ ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે સ્વાઈન ફલુ થયો હતો પણ અત્યારે આખી દુનિયામાં કામ કરીને લોકોને ચકિત કરી રહ્યા છે. ભાઈ... મે બહું જ સાંળ્યું, તમારી બકબક બંધ કરો. અત્યાર સુધી તમે બોલતા જ રહ્યાં અને હું સાંભળતો જ રહ્યો. તમે બહુ જ ગપ્પા માર્યા. ડૉક્ટરોને કંઈ જ ખબર ન પડે ત્યારે કહી દે કે વાઈરલ ઈન્ફેકશન છે. દવાઓનો ધંધો, ડૉક્ટરોનો ધંધો, લેબોરેટરીવાળાનો ધંધો, એક્સ-રેવાળાનો ધંધો, બધો જ આ વાયરસ ઉપર આધારીત છે. બધાને વાઈરસના ટોટા આપી આપીને ડૉક્ટરો કરોડપતિ થઈ ગયા. આ બધુ કોણે જોયું ? અને શું સાચું. ભાઈ રામ બોલો ભાઈ રામ...

ડૉક્ટરે કહ્યું વાત સાચી છે કે તમારી જગ્યાએ હું હોવ તો મને પણ આવા જ વિચારો આવે, પણ સત્ય આ જ છે. દુનિયામાં કોઈ પણ જગ્યા ઉપર ક્યાંક ગંદકી હોય, ક્યાંક ગંદકી ન હોય, ક્યાંક ઠંડી હોય, ક્યાંક ગરમી હોય, બધી જ જગ્યા ઉપર વાઈરસ પોતાની જગ્યા લેતા જ હોય છે. હા, ક્યાંક એવા વાઈરસ ઉત્પન્ન થાય છે કે જેની દવા પૃથ્વી ઉપર ના હોય તેના માટે ભગવાન ઉપર જ આધાર રાખવો પડે. આમેય વાઈરસ ઉપર લગભગ કોઈ જ દવાની અસર થતી નથી. માણસની રોગપ્રતિકારક શક્તિ ઉપર જ આધારીત હોય છે. જો તમારી રોગપ્રતિકારક શક્તિ સારી હશે તો તમે સ્વાઈન ફલુ અથવા એના જેવા કોઈપણ વાઈરલ ઈન્ફેકશનમાં સામનો કરી શકશો અને હિંમતભેર આગળ નીકળી શકશો. વાઈરસ ઈન્ફેકશન એના માટે આપણા આર્યુવૈદિકમાં પણ ઘણીબધી દવાઓનો ઉપયોગ થયો છે અને એ બધી સામાન્ય રીતે ઘરગથ્થું છે અને એની અસર ૧૦૦ ટકા થાય છે. જેમ કે શરદી, ઉધરસમાં તુલસી, હળદર, આદુ, પપૈયાનો રસ, ગાજરનો રસ, આમળાનો રસ આ બધાની અસર ચોક્કસ થાય છે. મેડીકલ સાયન્સ પ્રમાણે કહીએ તો તમારી રોગપ્રતિકારક શક્તિ પ્રોટીન ઉપર આધારીત છે. જો પ્રોટીન વધારે લેવામાં આવે તો રોગપ્રતિકારક શક્તિ વધે અને રોગપ્રતિકારક શક્તિ વધારે હશે તો તમને વાઈરલ ઈન્ફેકશના ઓછા થશે અને થશે તો જલદી કંટ્રોલમાં આવી જશે. માટે અત્યારે તો રોજ પ્રોટીન વધે એવું ધ્યાન રાખો.



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

લીંબુ, મીઠું, ખાંડ, હળદર અને આદુનું સેવન ચાલુ કરી દો અને આવા સ્વાઈન ફલુ જેવા વાઈરલ ઈન્ફેકશન સામે સજાગ થઈ જાવ.

અરે ભાઈ, તમારે તો લખવું અને કહેવું બહુ સહેલું છે. જેના ઘરમાં સ્વાઈન ફલુ થયો હોય અને ઘરનું કોઈ વ્યક્તિ સ્વાઈન ફલુએ લઈ લીધો હોય ત્યારે તમને ખબર પડે કે સ્વાઈન ફલુ શું છે. અમારા એક કાકા ૪૦ વર્ષના. નખમાંય રોગ નહીં. પણ સ્વાઈન ફલુ એટલે કે ઈન્ફલ્યુએન્ઝા એટલે કે H1N1 વળગ્યું અને આખું કુટુંબ તહસનહસ થઈ ગયું. ઘરમાં એક જ માત્ર કમાતો પુરુષ હતો. જેના હિસાબે ઘર ચાલતું હતું. ઘર ખેદાન-મેદાન થઈ ગયું. એટલે ભાઈ બોલવું સહેલું છે. આપણા ઘરે આવે ત્યારે જ ખબર પડે તેમાં શું થાય છે. દવાખાનાના બિલ એટલા મોટા હોય છે કે ભલભલાની છાતી બેસાડી દે છે અને મેડીક્લેમવાળા પણ અમુક હદ સુધી મદદ કરે છે, બાકી તો એ પણ હાથ ઊંચા કરી નાખે છે. સ્વાઈન ફલુ ગમે તેને થઈ શકે ? હા ભાઈ. સ્વાઈન ફલુ ગમે તેને થઈ શકે છે, નાના છોકરાઓને, યુવાન છોકરાઓને, આબાદ વૃદ્ધો

અનુસંધાન પાના નં. ૭ પર